જ્ઞાતિ બંધુઓને વિનંતિ.

જ્ઞાતિની ચડતી પડતીનો આધાર જ્ઞાતિના માણસોના શુભાશુભ કર્મ પર રહેલો છે. જો આપણે સારા કર્મ કરીશું તો આપણે સારા કહેવાઇશું અને ખોટાં કર્મ કરીશું તો ખોટા કહેવાઇશું.

આપણી નાતમાના ઘણાખરા માણસોને દારૂ પીવાની કુટેવ પડી છે જો કે હાલના સમયને લઈને તે એકદમ બંધ કરી શકાય તેમ નથી, કારણ કે પીનારનો ભાગ ઘણો ખરો વધી ગયો છે પરંતુ દરેક ડાહ્યા માણસે વિચાર કરવાનો છે કે દારૂ પીવાથી કાંઈ પણ ફાયદા નથી તેના પીવાથી આપણી હલકાઈ છે, અને હજારો દાખલા જોતાં તો દારૂ એ એક ઝેરી, રોગને ઉત્પન્ન કરનાર અને પૈસાનું પાણી કરનાર છે, પીનાર અથવા જોનારને ખાત્રી તો હશે કે જ્યારે દારૂ ખુબ પીવામા આવે છે ત્યારે રસ્તા ઉપર બેભાન થઈ પડે છે લુગડા લત્તાનું ભાન રહેતુ નથી, ભોગજોગે કઈ સોના દાગીનો અથવા સારા લુગડા પાસે હોય છે તે પણ કોઈ તાણી જાય છે, રસ્તે જનાર દરેક માણસ તેની મશ્કરી કરે છે માટે સારા માબાપના ફરજંદો થઈ આ એક ઝેરી વસ્તુને મુકી દેશો તો જ્ઞાતિના શુભેચ્છકો ગણાશો. કોઈપણ વ્યસન એકદમ મુકી દેવાતુ નથી પરતુ ધીમે ધીમે તેને તજવા માટે ઉપાય લેવા, ટુંકાણમા જ્ઞાતિ બંધુઓને એટલીજ અરજ છે કે દારૂ જેવી વ્યસનની ચીજ ધીમે ધીમે મુકીદેવા પ્રયત્ન કરશો જેથી આપણી જીંદગીનુ સાર્થક થશે

આપણી જ્ઞાતીમા છોકરાઓને ભણાવવાનો ચાલ ઘણો ઓછો છે ત્યારે છોડીઓતો કયાથીજ ભણી શકે આપણી જ્ઞાતી ગરીબ છે માટે છોકરાને ભણાવવા કરતા નાનપણથી કારખાનામા કામે મોકલવા અને જે કાંઈ લાવ્યો તે ગુજરાતનુ સાધન થશે એમ આપણામા ઘણાનુ ધારવુ છે પરંતુ વિદ્યા એજ ગુપ્ત ધન છે. તેને કોઈ ચોરનાર નથી. અથવા છીનવી લેનાર પણ નથી. વિદ્યાથીજ સર્વ ઠેકાણે માણસ પુજાય છે અને વિદ્યાથીજ પૈસો પ્રાપ્ત થાય છે **શ્રીમંત મહારાજા શ્રી ગાયકવાડે** પ્રાથમીક કેળવણી મફત આપવા ઠરાવ કીધો છે, અને તેનો લાભ સર્વ માબાપ પોતાના છોકરાઓને આપે છે આપણા શહેરના દયાળુ સરકાર તથા સદ્‌ગૃહસ્થો તરફથી નિશાળો કાઢી છે, માટે તેમાં આપણા છોકરાઓને ભણાવવા નાનપણથી કારખાનામા અગર બીજે કોઈ ઠેકાણે મજુરીના કામમાં મોકલવા કરતા ભણવા મોકલવા માટે અમે દરેક જ્ઞાતિ બંધુને વિનંતિ કરીએ છીએ

વહીવટદારો.

સમસ્ત જ્ઞાતીએ મળી કરેલા ઠરાવો.

અમદાવાદના મેયાવત રજપુત જ્ઞાતિના વહીવટદારો તથા જ્ઞાતિના માણસો સમસ્ત સંવત ૧૯૬૫ ના પ્રથમ શ્રાવણ વદ ૧૦ ને બુધવારના રોજ મળી નીચે પ્રમાણે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે:—

ઠરાવ ૧ લો.

લગ્ન વિષે.

આપણી નાતમા છોકરા અથવા છોડીના વેવીશાળ (સગપણ) ની વખતે ગોળપાન કરવામા આવે છે તે વખતે બન્ને વેવાઇઓ દારૂ લાવી પીએ છે અને એકઠા થયેલાને પાય છે તે આ ઠરાવ મુજબ દારૂ પીવો નહિ અને પાવો પણ નહિ, પરતુ બને વેવાઇઓ પાસથી એક એક રૂપિઓ લઈ સાકર અથવા પતાસા સંગાવી વેચવા અને જો. આ ઠરાવ મુજબ કોઈ પણ આપણી જ્ઞાતિનો માણસ વિરૂદ્ધ ચાલશે અને નાતના જાણ્યામાં આવશે તો રૂ. ૫) અંકે રૂપિયા પાચ દડના લીધામા આવશે.

ઠરાવ ૨ જો.

આપણી નાતમા છોકરા અને છોડીના લગ્ન પ્રસગે દારૂ લાવી પીતા હતા તે આ ઠરાવથી બધ કરવામા આવ્યા છે ને જો લાવી પીશે અગર પીવડાવશે તો રૂ. ૨) અકે રૂપિઆ બે દડ કરવામા આવશે અને સગાવાલાને ત્યા લાવશીનું ભાણું કોઇએ આપવું. જમીને જવું. ના જમવું હોય તો માલ ધણીને પાછું આપવું.

ઠરાવ ૩ જો.

આપણી નાતમા છોકરાના આણામા પદર માણસ જાય ને છોડીના બાપના ગામનાને રૂપિઓ એક આપે તે કરતા વધારે આપવું નહિ. ને જો કદી વધારે આગશે તો તે નાતનો ગુન્હેગાર છે. એમ ગણી પંચની મરજી મુજબ દંડ કરશે.

ઠરાવ ૪ થો.

જ્યારે હારડો લઇ જાય છે ત્યારે પંદર બૈરા લઇ જવાં. તે કરતાં વધારે બૈરા લઇ જવાં નહિ ને જો વધારે બૈરાં લઈ જશે તો રૂપિઆ બે દડના આપવા પડશે. અને જ્યારે વેવાણ ડોગલું આપવા જાય છે. તે વખત ૧૨ બૈરાંને જોડે તેડી જવાં. તેથી વધારે લઈ જનારના રૂપિઆ બે દંડ લીધામા આવશે.

ઠરાવ ૫ મો.

આપણી નાતમા લગ્ન વખતે છોકરાનો બાપ દેજ ભરવા જાય છે. વખતે પચાસ માણુસ લઇ જાય અને કદી વધારે લઇ જવા હોય તો નોતરા ફેરવે. કન્યાના બાપના ગામને રૂપિઆ ૭ આપવા. અને કન્યાનો બાપ પચાસ માણુસોને એક પંગને જમાડે. અને વરના બાપને ઘેર જમવા માટે પાંચ ભાણા ખાડ લાવશી અને ઘી નાખી આપે. અને જો આ પ્રમાણે જે કોઇ માણસ નહિ ચાલે અને જો વધારે ઓછુ આપશે કરશે તો નાતના ગુન્હેગાર ગણી તેની પાસેથી રૂપિઆ પાચ દંડ લીધામાં આવશે. ને કદી કોઇ ઉપર મુજબના ગુન્હેગારનો પક્ષ કરશે તો રૂપિઓ સવા પક્ષ કરનારની પાસેથી દંડ લીધામા આવશે અને જો નાતે નોંતરા ફેરવેલા હોય તો કન્યાના બાપને રૂપિઆ સીતેર પલ્લુ ભરે.

ઠરાવ ૬ ઠો.

ઉપર મુજબ લગ્ન વખત છોકરાનો બાપ દેજ ભરવા માટે કન્યાના બાપને ઘેર સાજના ૭ વાગ્યા સુધીમા જાય. આઠ વાગ્યા પછી જનાર નાતનો ગુન્હેગાર થશે. અને ઉપર મુજબ આઠ વાગ્યાની અદર જાન આવે તો કન્યાનો બાપ રાતના દસ વાગ્યાની અદર જમાડે તેમા પણ કસુર કરે તો તેને નાતનો ગુન્હેગાર ગણી નાતની મરજી મુજબ દંડ કરવામા આવશે. અને જ્યારે પગતે જમાડે ત્યારે કોઇએ સગાવાલાને પીરશેલુ ભાણુ આપવું નહિ. ના જમવું હોય તો ઘરધણીને પાછુ આપવુ.

ઠરાવ ૭ મો.

લગ્નના વખતે વરકન્યા પરણી રહે પછી કન્યાના બાપ વરના બાપને થાળી, લોટો, તથા બાજઠ આપે તે સિવાય બીજુ કઇ આપે નહિ અને કદી વધારે આપવું હોય તો બીજે દિવસે વરના ઘેર જઇ આપવું.

ઠરાવ ૮ મો

જ્યારે નાતમા કોઇ માણુસ નાતરૂ કરે ત્યારે કન્યાના બાપને છાના રૂપિઆ અથવા સુપડા ઉપર રૂપિઆ આપી શકે નહીં અને કદી આપશે લેશે તો બંને જણા નાતના ગુન્હેગાર છે.

ઠરાવ ૯ મો.

જ્યારે કોઇ પણ સ્ત્રીને છેડા છુટકો આપવામાંઆવે ત્યારે જો સ્ત્રીની મરજીથી છેડા છુટકો કરવાનો હોય તો રૂપિઆ એસી વરના બાપને સ્ત્રીના બાપે આપવા અને કદી પુરૂષની મરજીથી સ્ત્રીનો છેડાછુટકો આપવાનો હોય

તો વરના બાપને રૂપિઆ ૪૦ નાતના ખર્ચ સુદ્ધાં સ્ત્રીના બાપે આપવા તે કરતાં વધારે આપવા નહિ.

ઠરાવ ૧૦ મો.

શ્રીમંતના ટાણા વિષે.

જ્યારે આપણી નાતમા કોઇ પણ માણસના ઘેર શ્રીમતનુ ટાણું હોય ત્યારે ચારણ અને બારોટ આવે તેને વાસણ ચાર માંડ અને તેનાથી વધારે માંડ નહિ અને કદી ચારણ બારોટ ન લે અને તકરાર કરે તો આપવા નહિ અને નાતને સભળાવવુ.

ઠરાવ ૧૧ મો

હોળી અથવા હુતાસણીમાં હારડા આપવા વિષે.

જ્યારે હુતાશણી અથવા હોળી આવે ત્યારે કન્યાના બાપના ઘેર વર તરફથી એક બાયડી હારડો બાધવા જાય તે કરતા વધારે જાય નહિ અને જશે તો નાતના ગુન્હેગાર થશે.

ઠરાવ ૧૨ મો.

જે કોઈ સ્ત્રીના વર મરી જાય ત્યારે શ્રીમતમા તથા ગમે તે અવસરમાં જે કોઇ તેના મા બાપ આપેલુ હોય તો, જતે બાઇ કદી સાસરીમા બેઠી રહે તો તે બાઇને સોપવું. નહિ તો જો તે નાતરે જાય તો તેના સાસરીવાળાને પચ ભેળુ કરીને સોપવું.

ઠરાવ ૧૩ મો

જે છોકરાનું દાન ચારણ ભાટને આપે છે તે માણુસ નોતરા દીઠ માણુસને બોલાવે ને મુખ્ય પંચને રૂપિઆ પાંચ આપે અને તે પછી દાન આપે.

ઠરાવ ૧૪ મો.

સજ્જાદાન વિષે.

આપણી નાતમા ઘરડાં મરી જાય ત્યારે કદી ગાજતે વાજતે મુડદું કાઢવું હોય તો તેને છ મહિના અથવા તો ૧૨ મહિનાની અદર તેને નાતનો વરો કરવો પડશે અને બીજે દિવસે પંચનું ખર્ચ કરવું પડશે અને પંચના એકથી તે સો સુધી માણુસોને જમાડી શકે નીકર ગાજતાં વાજતાં કાઢે નહિ.

ઠરાવ ૧૫ મો.

આપણી નાતમાં ઘરડાં મરી જાય ત્યારે શક્તીવાળો માણુસ ગરૂડપુરાણ વંચાવે, બારમાના દિવસે સજ્જાદાન આપે અને પોતાની શક્તી પ્રમાણે

આગાંવાલાંને જમાડે અને ઉપર મુજબ ગાજતાં વાજતા કાઢ તે પણ ગરૂડપુરાણ વંચાવે અને સજ્જાદાન તથા કરકુંવાસી જમાડી શકે.

ઠરાવ ૧૬ મો.

જે કોઇ આપણી નાતમા ગામડેથી આવેલા હોય અને સજ્જાદાન આપવું હોય તો ચાર માબાપ ચોખાં કરીને આપી શકે. અને અહિંના જુના હોય તો બે માબાપ ચોખા કરીને સજ્જાનુ દાન આપી શકે જો ગામડાના માણસને સજ્જા આપવા ઉમગ હોય અને ચાર માબાપ ચોખા કરી શકે તેમ ના હોય તો પહેલાનો શીરાનો વરો કરવો અને બીજી વખતે શીરાનો વરો કરે ત્યારે નાતને રૂપિઆ પચાસ આપે તે પછી સજ્જાદાન આપી શકે અને પચને જમાડે અને આપણી નાતના જુના રહીસોએ જો એક સીરાનો વરો કર્યો હોય તો પણ બીજી વખતે ગીરાનો વરો કરી સજ્જાદાન આપે દાળ ભાતનો વરો કરનાર સજ્જાદાન આપી શકશે નહિ. દાળ ભાતનો વરો કરનાર સરવણીના ત્રણ પદ આપી શકશે અને સીરાનો વરો કરનારને સજ્જાદાન આપવાની શક્તી ના હોય તો પાચ પદનું દાન આપે, અને સજ્જાદાન કરનારને તેર પદ આપવા પડશે.

ઠરાવ ૧૭ મો.

વરો કરવા વિષે.

જે માણસને ત્યા વરો હોય અને તે ટીપણું કાઢે તે દિવસે પૈસા વેચે. તે ઘરધણી ત્રણ ત્રણ પૈસા વેચે.

ઠરાવ ૧૮ મો.

જે માણસ વરો કરે ત્યારે દાણાનો જણ ફેરવે ને પૈસા ઘરધણી વેચે અને જે વખતે કહે તે પ્રમાણે આવવું અને જો વખતસર આવશે તો તેને પૈસા મરશે નીકર પૈસા મળશે નહિ. પૈસા ત્રણ ત્રણ વેંચવા.

ઠરાવ ૧૯ મો

જે કોઈ આપણી નાતમા વરો કરવા ઇચ્છતા હોય તો પ્રથમ વરાના દિવસના અગાઉ ત્રણ દિવસ જતા હતા તે હવેથી ફક્ત વરાના આગલા દિવસે મુખ્ય પંચના આદમીઓને સાજના ઘરધણી બોલાવે અને આપણી નાતમાં પચાતી રાખતા હતા તે આ ઠરાવથી બંધ કર્યું છે. હવેથી કોઇ પણ પંચાતી કરી શકે નહિ અને જો કોઇપણ માણસ પંચતી સમસ્ત વરો કરશે તો તેના રૂપિયા પચીસ દંડના લીધામાં આવશે. અને કદી કોઇ પક્ષ કરશે તો તેના પંચ મળીને રૂપિઆ પાંચ દંડ કરશે. આ પ્રમાણે જો પંચ ના કરે તો તે પંચ બે બાપનું સમજવું.

(અ) પરંતુ જો કોઈ માણસને પચાતી રાખી વરો કરવો હોય તો સવત ૧૯૬૫ ના આસો વદ ૦)) સુધી એટલે આ ચાલુ સાલની દીવાળી સુધી વરો કરી શકશે. દીવાળી પછી કરનારને ઉપરના ઠરાવ મુજબ વર્તવું પડશે.

ઠરાવ ૨૦ મો

આપણી નાતમા પચાતીઓ નોતરાં દેતા હતા તે હવેથી મેળાવામાં પોતાના સગાવહાલાં તથા નાતને નોતરાં દેવા.

ઠરાવ ૨૧ મો.

જે ગામમા અગર જે મહેલામા વરો હોય તેમણે સવારના આઠથી કે નવ સુધીમા જમી લેવું અને આપણા માયાવરસીના બ્રાહ્મણોને નવથી કે અગીયાર વાગ્યા સુધીમા જમાડવા પછી જમાડવા નહિ. અને પછીથી આપણી નાતના બીજા મોહોલાના લોકોને બપોરના બાર વાગ્યાથી કે સાજના છ વાગ્યા સુધી જમાડવા. છ વાગ્યા પછી જમવા આવે તો જમાડવા નહિ અને જો તકરાર કરશે તો તેને નાતનો ગુન્હેગાર ગણી તેનો દંડ કરવામા આવશે.

ઠરાવ ૨૨ મો

જ્યારે નાતમા કોઇ પણ માણસને ત્યા વરો હોય ત્યારે દરેક મહોલોના અથવા ગામના માણસોએ એકઠા મળીને જવુ. આગળ પાછળ જવું નહિ.

ઠરાવ ૨૩ મો.

જે દિવસે વરો હોય ત્યારે કોઇએ પોતાના સાથી અથવા ભાડુતને જમવા લાવવા નહિ અને કદી લાવશે તો નાતની મરજી મુજબ દંડ કરવામાં આવશે.

ઠરાવ ૨૪ મો.

જે દિવસે વરો હોય તે દિવસે ગરધણી તથા મહોલાના માણસો તથા જમવા આવનાર માણસ કોઇ પણ સગાવ્હાલાને ત્યા જમવાનું ભાણું મોકલે અગર આપે નહિ. અને જો મોકલશે અગર આપશે તો દંડને પાત્ર થશે.

ઠરાવ ૨૫ મો.

વરાના દીવસે કોઈ પણ માણસે દારૂ પીને જમવા આવવું નહિ. અને કદી પીધેલો માલુમ પડશે તો રૂપિઆ બે દંડ લીધામાં આવશે. અને જો તકરાર કરશે તો વધુ દંડ લીધામાં આવશે. કોઇ પણ માણસ દારૂ પીનારની પક્ષ કરશે તો તેનો સવા રૂપિયો દંડ કરવામાં આવશે

ઠરાવ ૨૬ મો.

જે માણુસને ત્યા વરો હોય તેણે પોતાના ગુરૂને ઘોતીના રૂપિઆ ૭ આપવા ને નીચે પ્રમાણે સીધુ આપવું.

(અ) જો શીરાનો વરો કરે તો—

દાળ ત્થા ચોખા શેર ૨૦
લોટ... શેર ૩૦
ગોળ . . શેર ૧૪
ઘીની નાતની વટલોઇઓ ન. ૪ ભરીને આપવી. તે શેર ૩૮

(બ) જો દાળભાતનો વરો કરે તો.—

દાળ ચોખા મણ સવા આપવા ત્યા ઉપર પ્રમાણે ઘી વીગરે આપવું.—

ઠરાવ ૨૭ મો.

(અ) જે માણુસ શીરાનો વરો કરે તેણે નાતના હકના રૂપિઆ ત્રીસ આપવા તેમાથી રૂપિઆ બાર નાતની સીલીકે જમા થશે અને બાકીના રૂપિઆ અઢાર જે પચ સવારથી કે સાજ સુધી ખોટી થશે તે ખાય. મોડા આવનાર માણુસને મળશે નહિ.

(બ) જે માણુસ દાળભાતનો વરો કરશે તેની પાસેથી નાતના હકના રૂપિઆ પચીસ લીધામા આવશે. તેમાથી રૂપિઆ દસ નાતની શીલીકે જમા કરી બાકીના પદર રૂપિઆ વરાથી કે મેળાવા શુધીમા પચ ખોટી થશે તેમાં વપરાશે.

ઠરાવ ૨૮ મો.

આપણી નાતમા નાડીઆ ત્થા છીનવા આવે છે તેમને નાત જમી રહિ એટલે ઘર ધણી અથવા તો ગામ મળીને વધેલું જમણુ આપે.

ઠરાવ ૨૯ મો.

જે માયાવશીની નાતના નાયક છે તેના ઘરના દરેક માણુસ વરાના દિવસે જમી જાય. વાસણુ માડે તો પીરસણું આપવું નહિ

ઠરાવ ૩૦ મો

નાતના જે મુખ્ય પચ છે. તે મળી બે માણુસો વરાને દિવસે સાચવવા માટે મુકે અને તેનું ખર્ચ ઘરધણી આપે.

ઠરાવ ૩૧ મો.

આપણી નાતમાં જે માણુસને ત્યાં વરો હોય તેને ચાર પરગણાના દાન આપવાં તથી વધારે આપવું નહિ.

ઠરાવ ૩૨ મો.

જ્યારે નાત કર્યા પછી બ્રાહ્મણુ (ભડવા) જાચવા આવે છે, ત્યારે પાચ ગામના બ્રાહ્મણુને આપવું અને ઇંડાયા આપણા બ્રાહ્મણોને અને બે મંદિરના ગુરૂને અને ચારણુ તથા ભાટને આપતા હોય તો તેમના ભડવાને ઉપરના ઠરાવ મુજબ આપવું.

ઠરાવ ૩૩ મો.

આપણી નાતના બ્રાહ્મણોને એક સો ને તેર દાન આપવા-બાવાને પંદર દાન, ઘઢવીને દસ દાન, બારોટને છ દાન તથા નાયકને એક દાન અને ગામોટને ઘી મણ એક તથા સ્વર્ગના દિવાનું ઘી શેર એક જુદુ આપવું. તથા નાતના ગોરને દસ્તુર મુજબ આપવું. તે કરતા વધારે આપવુ નહિ. બ્રાહ્મણને ઘીની કરસલીઓ મેળાવાના દિવસે આપીએ છીએ તે હવેથી એક વાસણમાં આપવું અને પછીથી બ્રાહ્મણે પોતાના ઘેર જઇ વેચવું કાંઇ પણ તકરાર કરવી નહિ તે સિવાય કઇ પણ આપવું નહિ

ઠરાવ ૩૪ મો

જો કોઇ માણુસ વરા વિનાના એકલા પચાતી કરે તો તે માણુસ નાતમા ઘર દીઠ છડા ભાયડે નોતરા ફેરવે તથા શક્તી ના હોય તો નાતનાં નોતરા આશરે ૮૦ એંશી ઉપરાંત છે તેટલાને બોલાવી પંચાતી કરે.

ઠરાવ ૩૫ મો.

જ્યારે આપણી નાતમા પચ ભરાઇને બેસે ત્યારે ભાટ તથા નાયકે ખાટલાપર બેસવું નહિ.

મહારાજશ્રીને ભેટ.

આપણી સમસ્ત નાત તરફથી આપણા સદ્‌ગુરૂઓ મહંત શ્રી મોહનદાસ માનદાસજી જેઓ શ્રીનું મંદિર ઘી કાટે ડાહ્યાભાઇની વાડી પાસે છે અને મહંત શ્રી લક્ષ્મીદાસ લાલદાસજીનું મંદિર આસ્તોડીઆ ભગતની લીંબડી પાસે છે તેઓ શ્રીને રૂપાની સોનાના માથાવાળી છડીઓ નંગ બે આપવી. દરેકને એક એક ભેટ આપવી.

ઉપરના દરેક ઠરાવો આપણી અમદાવાદની મેયાવત જ્ઞાતિના નીચેના વહીવટદારો પંચ અને જ્ઞાતીના માણુસોની સમક્ષ પસાર કરવામાં આવ્યા છે. તે અમો જ્ઞાતીના દરેક માણુસ પાળીએ. અને જો તેમાં કસુર થાય તો નાત સરકારના ધ્યાનમાં આવે તેમ સીક્ષાને પાત્ર થઇએ. અમો ઉપર લખેલા દરેક ઠરાવો મુજબ વર્તવાને બંધાઇએ છીએ અને અમે અમારી રાજીખુશીથી અકલ હુસીઆરીથી સહી કરી આપીએ છીએ.

આપણી નાતના મુખ્ય વહીવટદારો.

૧ ધુળાજી સ્યામાજીની સહી.
૨ પરશોત્તમજી કાળાજીની સહી.
૩ પ્રયાગજી મુળજીની સહી.
૪ જેઠાજી રણછોડજીની સહી.
૫ કાલીદાસ આશારામજીની સહી.
૬ ગંગારામ બેહચરદાસજીની સહી.

આપણી નાતના મુખ્ય પંચના આદમીઓ.

વાડજ

૧ આલા કુબેરની સહી.
૨ માનાજી ડાહ્યાની સહી.
૩ વિસરામ ધુરાની સહી.

પાલડી.

૧ નાગજી નાનાની સહી.
૨ શવાજી નથુજીની સહી.
૩ કાનજી ડુંગરજીની સહી.

શાહપર.

૧ ભુદર કુબેરની સહી.
૨ ખુશાલ ત્રીકમની સહી.
૩ પીતાંબર કેશવની સહી.
૪ બાલાજી હીરાજીની સહી.
૫ ટીસા રામાની સહી.

આમલી ફળીઉ.

૧ ખાનાજી વીરાજીની સહી

સાંજાનો મહોલો.

૧ ચીકા કાળાજીની સહી.

શેખપુર.

૧ તરશી ડુંગરજીની સહી.
૨ રણછોડ ધુરાજીની સહી.
૩ કેવળ માવજીની સહી.
૪ નારણજી કેશવજીની સહી.

રાયખડ.

૧ રણછોડ લાલાજીની સહી.

બહેરામપર.

૧ અમથા વસ્તાજીની સહી.

વાસણા.

૧ પુંજા ભીખાની સહી.
૨ વસ્તાજી પરમાની સહી.
૩ નારણ લાલાજીની સહી.

કારેડીઆનો વાસ.

૧ જીવાજી મોતીજીની સહી.

ટેકરા વાશ.

૧ ગણેશ લાલાજીની સહી.

ખાનપર.

૧ ધુરાજી કેશવજીની સહી.

ગોડી ખાનપર.

૧ આબાજી વીરાજીની સહી.
૨ રણછોડ ડાહ્યાની સહી.
૩ હીરાજી મીઠાજીની સહી.

રૂસ્તમ બાદર.

૧ પરશોત્તમ રામાની સહી.

ફદાલીવાડ.

૧ અમથા જેઠાની સહી.
૨ લવજી હીરાજીની સહી.
૩ કેશવ કાળાજીની સહી.

નવતાડ.

૧ ગગારામ પીતાંબરની સહી.

બાવાપુર.

૧ ટીસા અર્જુનની સહી.

રાજપર.

૧ જીવા દુધાજીની સહી.
૨ શુંદર જીવાની સહી.

૨ ગંગારામ ગોપાળજીની શહી.

તાજપર.

૧ મીઠા ઉકાજીની સહી.
૨ કાનાજી મીઠાજીની સહી.
૩ ખુશાલ ચકુજીની સહી.
૪ જેઠાજી કાળાજીની સહી

નારોલવાડો.

૧ લલુ માલાની શહી.
૨ લવજી ગોવિંદની સહી.

હવેલી.

૧ મીઠા મોરારની સહી.

ખશીપુર.

૧ મુળાજી કાનાજીની સહી
૨ શુંદર ધુરાજીની સહી.
૩ કાના આશાની સહી.
૪ રામા કાળાની સહી

૩ પાંચા ઇચ્છાની સહી
૪ રામા આબાની સહી.

શારંગપર.

૧ જીવા જેઠાજીની સહી.

સશાપર.

૧ ડોસા નારણની સહી.
૨ તેજા ત્રીકમની સહી
૩ સામા પુજાની સહી.
૪ ટીસા તેજાની સહી.

દરીયાપર.

૧ ધુરા આશાની સહી.
૨ સામા વસરામની સહી
૩ ત્રીકમ કલ્યાણની સહી

કુટીમસીદ.

૧ ગબડ ચકુની સહી.

નાતના માણસોનાં ઘર-નંગ.

ગામ વાડજ ઘર નંગ ૨૪

૧ ગોવિંદ પાના	૯ ડાહ્યા વીરા.	૧૭ ઉકા ખાના.
૨ ભીખા પીતાબર	૧૦ રામા ખાના	૧૮ કેશવ ડાહ્યા
૩ આલા કુબેર	૧૧ પરશોતમ કાળા	૧૯ મીઠા ડાહ્યા
૪ કરશન ખાના	૧૨ કરશન કાળા	૨૦ રામા જગા
૫ કાળા ગગારામ	૧૩ કરશન ખાના	૨૧ માના નારણ
૬ માના ડાહ્યા	૧૪ ત્રીકમ કુબેર	૨૨ લાલા દુધા
૭ લાલા ડાહ્યા	૧૫ ઉકા કુબેર	૨૩ મુળાજી લખા
૮ વીસરામ ધુરા	૧૬ પીતાબર ભુધર	૨૪ આંબા મોરાર.

ગામ વાસણાં ઘર નંગ-૨૪

૧ નારણ લાલા.	૯ ભલા નથુ.	૧૭ અજા પરસોતમ.
૨ ખુશાલ દેવા.	૧૦ લવજી બેચર.	૧૮ દલા માના
૩ કચરા ટીસા.	૧૧ ટીસા પરમાર.	૧૯ મુળા પુજા.
૪ મગા નારણ.	૧૨ લવજી મોરાર.	૨૦ પુજા ભીખા.
૫ લલુ ઉકા.	૧૩ લખા પુજા.	૨૧ નરશી પરસોત્તમ.
૬ બળવત પરસોત્તમ	૧૪ રણછોડમાના.	૨૨ વસ્તા પરમા.
૭ મુરા હીરા.	૧૫ કાળા માના	૨૩ ટીસા જેઠા
૮ મણુા મીઠા.	૧૬ ડોસા પુજા.	૨૪ બળવંત ઉકા.

૨૬૩[illegible].

ગામ પાલડીનાં ઘર નંગ ૩૧

૧ કાના ડુગર.	૧૧ પરસોત્તમ ડુગર.	૨૧ ત્રીકમ રણછોડ
૨ જીવા ભગા.	૧૨ આશા નાના.	૨૨ લવજી જેઠા.
૩ સામા ભગા	૧૩ લલુ નાના.	૨૩ હીરા તેજા.
૪ સવા નથુ	૧૪ નાગજી નાના.	૨૪ આંબા ખાના.
૫ નથુ નરશી.	૧૫ ગણેસ પુજા.	૨૫ જેઠા ત્રીકમ.
૬ પરસોત્તમ ટીસા.	૧૬ નરસિહ પુજા.	૨૬ નથુ ગલા
૭ હરખા પીતાબર	૧૭ સકર હરખા.	૨૭ હરખા પુજા.
૮ હીરા પીતાબર	૧૮ પરમા રણછોડ	૨૮ ભના પુજા.
૯ વિસરામ જેઠા.	૧૯ જીવા રણછોડ	૨૯ દલા લવજી.
૧૦ અમથા ડુગર.	૨૦ બાવા રામા.	૩૦ આશા બીજલ.
		૩૧ કુબેર ગોપાળ.

ગામ કોચરબ ઘર નંગ. ૨

૧ મફત બેચર. ૨ મુળજી લલુજી.

ગામ સાપર ઘર નંગ--૩૯

૧ હીરા પીતાબર.	૧૪ બુદર કુબેર.	૨૭ માધા હીરા.
૨ સકર ખાના	૧૫ કાળા ધુરા.	૨૮ રણછોડ રામા
૩ પરસોત્તમ ડુગર	૧૬ પુજા સુદર	૨૯ દલા મોતી,
૪ કેસવ ધુરા.	૧૭ બેચર પુજા	૩૦ ગગારામ કાળા.
૫ મકનજી મોતી	૧૮ સામા લાલા	૩૧ જેઠા ત્રીકમ
૬ ખાના મોતી	૧૯ નરસિહ તળશી	૩૨ જેઠા મીઠા
૭ ખુશાલ ત્રીકમ	૨૦ ગલા ગગારામ	૩૩ માધા હરીજી
૮ પીતાબર કેશવ	૨૧ બાલા હીરા	૩૪ રામા કાળા
૯ મુળા પીતાંબર	૨૨ મુળા ડોમા	૩૫ વાલા સુદર
૧૦ કાળા પીતાબર	૨૩ ટીસા રામા	૩૬ લવજી ઉકા
૧૧ નહાના પીતાબર	૨૪ મોરાર રામા	૩૭ દાના જેઠા
૧૨ સંકર હીરા	૨૫ મગન ડાહ્યા	૩૮ મોરાર દેવા
૧૩ દલા માના.	૨૬ માના વસરામ	૩૯ ગણેશ જેઠા.

ગામ આંબલીફળીઉં ઘર નંગ ૧૪.

૧ ખાના વીરા.	૫ લાલા આશા.	૯ બેચર સુંદર.	૧૩ કરસન ઉકા.
૨ જેઠા ગંગારામ.	૬ રામા ગોવિંદ.	૧૦ સવા વસ્તા.	૧૪ પુજા ત્રીકમ.
૩ જેઠા વસ્તા.	૭ માવા સવા.	૧૧ ગોબર સવા.	
૪ ધુરા મકન.	૮ મોરાર સુંદર.	૧૨ ડાહ્યા નરશી.	

ગામ સાજાનો મોલ ઘર નંગ ૧૬.

૧ ચીકા કાળા.	૭ સુંદર જેઠા.	૧૨ સોમા ગલા.
૨ મુળા ધુરા.	૮ ઉકા પ્રેમા.	૧૩ પીતાંબર પાંચા.
૩ રામા સવા.	૯ રામા પ્રેમા.	૧૪ શંકર રતના.
૪ ગણેશ રૂપા.	૧૦ કાના પ્રેમા.	૧૫ ધુરા મોરાર.
૫ વાલા બેચર.	૧૧ સુદર મોરાર	૧૬ શોભણુ લલુ
૬ કચરા રામા.		

ગામ શેખપુરના ઘર નંગ ૨૮

૧ પીતાંબર સામા	૧૧ લવજી હરખા.	૨૧ હીરા ડાહ્યા
૨ કેવળ માવજી.	૧૨ નારણુ માલજી	૨૨ દેવા મીઠા
૩ કાળા આસારામ.	૧૩ મકન ડુગર.	૨૩ વસ્તા લાલા.
૪ લવજી બળવત.	૧૪ નરશી ડુગર.	૨૪ રામા ત્રીકમ.
૫ નારણુ કેસવ.	૧૫ ત્રીકમ ડુગર.	૨૫ પુન્જા ગોવિદ.
૬ નારણુ હરખા.	૧૬ નારણુ ડુગર.	૨૬ જેઠા ગોવિદ
૭ નરસિહ પરસોતમ.	૧૭ ખુશાલ રામા.	૨૭ ત્રીકમ ગોવિદ.
૮ રણુછોડ ધુરા.	૧૮ છગન નારણુ.	૨૮ પાના પીતાબર.
૯ હીરા લાલા.	૧૯ સુંદર સામા	
૧૦ લલુ ડુંગર	૨૦ હરખા ડાહ્યા.	

ગામ કારોડીઆનો વાસ ઘર નંગ ૧૦.

૧ જીવા મોતી.	૫ બેચર નારણુ	૮ કાળા અમરા.
૨ નરસિંહ મોતી.	૬ કેસવ ગોવિંદ.	૯ ગણેશ મોતી.
૩ કુબેર ગોવિદ.	૭ મગા જીવા.	૧૦ નરસિંહ મુળા.
૪ રણુછોડ ગોવિદ.		

ગામ ખાનપર ગોઢીવાસ ઘર નંગ ૨૨

૧ કાળા આંબા	૯ ડાહ્યા ધુરા	૧૭ રામા બેચર
૨ ઉકા આબા	૧૦ બેચર બળવત	૧૮ બેચર કાના
૩ રણુછોડ ડાહ્યા	૧૧ ભુધર બેચર	૧૯ કરસન બેચર
૪ મીઠા ડાહ્યા	૧૨ ભગા હરખા	૨૦ ભુદર હરખા
૫ આંબા વીરા	૧૩ હીરા મીઠા	૨૧ કાળા ડાહ્યા
૬ લલુ બેચર	૧૪ બેચર માના	૨૨ કરસન ગાગા
૭ લલુ ખાના	૧૫ પુજા અરજણ	
૮ મકન રતન	૧૬ ધના જલા	

ટેકરા વાસ ઘર નંગ ૩.

૧ ગણેશ લાલા　　૨ ત્રીકમ સોમા.　　૩ રતના રામા

ગામ ખાનપર ઘર નંગ ૭

૧ ધુરા કેસવ　　૪ રણછોડ પીતાબર.　　૬ જેઠા સકરા
૨ લવજી કેસવ.　　૫ કેસવ પુંજા　　૭ જેઠા ધના.
૩ સામા રામા

ગામ બાદર રૂસ્તમ ઘર નંગ ૫.

૧ દુધા મીઠા　　૪ મોરાર વીસરામ.
૨ તરસી મીઠા　　૫ ગબડ જેઠા.
૩ પરસોત્તમ રામા.

ગામ ફૂદાલીવાડા ઘર નંગ ૧૫.

૧ ડાહ્યા પુંજા　　૬ હીરા ખાના　　૧૧ જલા હીરા.
૨ વીગ એચર　　૭ મુળા કાળા　　૧૨ લલુ વહાલા.
૩ મોરાર પુંજા　　૮ ગણેસ કાળા　　૧૩ ડાહ્યા ભગા.
૪ અમથા જેઠા　　૯ કેશવ કાળા　　૧૪ મુળા નારણ.
૫ ડુંગર લવજી　　૧૦ ભાણા અમથા　　૧૫ ગણેસ જીવા.

ગામ નવતાડ ઘર નંગ ૪.

૧ ગગારામ પીતાબર.　　૩ પરસોત્તમ પીતાબર.
૨ વાલા પીતાબર　　૪ વસરામ એચર.

ગામ બાવીપર ઘર નંગ ૭.

૧ ટીસા અર્જુન　　૩ મુળા કેસવ　　૫ શોમા કેસવ.
૨ કાળા વાલા　　૪ પરસોત્તમ પીતાબર　　૬ સામા સીવા.
૭ કરસન માધુ.

ગામ રાયખડ ઘર નગ ૨.

૧ રણછોડ લાલા.　　૨ કરસન વાલા.

ગામ અસલ સાંજાનો મ્હોલ ઘર નં ૧.

૧ ધુરા રામા.

ગામ શાહવાડીના રાયખડમાં રહે છે ઘર નં ૨.

૧ મુળા ધુરા　　૨ જેઠા વીરા.

ગામ બહેરામપર ઘર નં ૧૪.

૧ અમથા વસતા
૨ એચર પીતાબર
૩ પુન્ન કલ્યાણ
૪ ઉકા કલ્યાણ
૫ મુળા અમથા
૬ નથુ આશા
૭ ડોસા જેઠા
૮ ખુશાલ જીવા
૯ કાળા જીવા
૧૦ ગાગા ગોપાળ.
૧૧ જેઠા ગોપાળ
૧૨ લાલા ઉકા
૧૩ લલુ જેઠા
૧૪ મોમા

ગામ તાજપર લાંબીશેરી ઘર નંગ ૩૨.

૧ સોમા જેઠા
૨ વાલા દેવા
૩ મીઠા ઉકા.
૪ હીરા ઉકા.
૫ જેસીગ ઉકા.
૬ ધુરા દેવા.
૭ હીરા દેવા.
૮ કાળા વસતા.
૯ મોતી ખાના.
૧૦ સોમા ખાના.
૧૧ વાલા એચર
૧૨ જેઠા ભગા
૧૩ દુધા ચકા
૧૪ હીરા અમથા.
૧૫ જેઠા દુધા.
૧૬ જેઠા કાળા
૧૭ જેસીગ ભગા.
૧૮ માના ભગા.
૧૯ ડોસા ખેમા.
૨૦ કાના મીઠા.
૨૧ ખુશાલ ચકુ.
૨૨ ધના સુદર.
૨૩ ડાહ્યા ધુરા.
૨૪ લલુ હરખા.
૨૫ ત્રીકમ નથુ.
૨૬ લવજી ભોળા.
૨૭ પીતાબરગગારામ.
૨૮ હરખા પુન્ન.
૨૯ ગણેસ પીતાબર
૩૦ સોમા મીઠા.
૩૧ પ્રયાગ વીરા.
૩૨ મુળા વીરા.

ગામ નારોળના ઘર નંગ. ૧૦

૧ નરસીંહ માલા.
૨ લલુ માલા.
૩ કાળા માલા.
૪ મકતા જેઠા.
૫ નરસિંહ કાળા.
૬ કાળા પીતાબર.
૭ ભાણા પીતાબર.
૮ ખાના પીતાબર.
૯ લવજી ગોવિદ.
૧૦ સકર ગણેશ.

ગામ હવેલી ઘર નં. ૩.

૧ મીઠા મોરાર.
૨ નારણ મોરાર.
૩ કાળીદાસ કુછારો.

ગામ સારંગપરનાં ઘર નં. ૪.

૧ કેસવ ખાના.
૨ વીરા ખાના.
૩ જીવા જેઠા.
૪ દેવા એચર.

ગામ ખસીપુર ઘર નં. ૪૪.

૧ મોરાર સામા	૧૬ અમથા પુજા	૩૧ જેઠા રણછોડ
૨ જેઠા આંબા	૧૭ માના તુલસી	૩૨ ત્રીકમ રણછોડ
૩ કાળા હરખા	૧૮ ટીસા બહેચર	૩૩ મુળા કાના
૪ લલુ રતના	૧૯ નથુ ભીખા	૩૪ વાલા કાળા
૫ ત્રીકમ લાલા	૨૦ નથુ ગોવિંદ	૩૫ ગલા કાળા
૬ ટીમા ધુરા	૨૧ પુજા દલુ	૩૬ રતના કાળા
૭ મુળા ખુશાલ	૨૨ કચરા કાળા	૩૭ રામા કાળા
૮ શકર આશા	૨૩ ઉકા જીવા	૩૮ પરશોતમ બહેચર
૯ કાના આના	૨૪ ધુરા આબા	૩૯ રણછોડ પ્રયાગ
૧૦ બેચર જીવા	૨૫ દલા જીવા	૪૦ ડાહ્યા રણછોડ
૧૧ સુદર ધુરા	૨૬ પુજા મુળા	૪૧ લવજી જેઠા
૧૨ લવજી મુળા	૨૭ પીતાબર આશા	૪૨ પ્રયાગ મુળજી
૧૩ કાના રણછોડ	૨૮ વાલા ખુશાલ	૪૩ કચરા બાલા
૧૪ લખા જેઠા	૨૯ સામા આશા	૪૪ ઉકા કાના
૧૫ ચીકા હીરા	૩૦ મુળા ખુશાલ	

ગામ રાજપર ગોમતીપુર ઘર નં. ૪૯

૧ માના વાલા	૧૭ કાળા પાચા	૩૩ ગોવિંદ દેવા
૨ પરસોતમ મુળા	૧૮ ચીકા ગાગા	૩૪ ભીખા દયાળ
૩ કુબેર હરખા	૧૯ ધુરા ભગા	૩૫ હરખા મોરાર
૪ જગા મુળા	૨૦ ધુરા હીરા	૩૬ ભગવાન ભગા
૫ તલસી તીકમ	૨૧ રામા ત્રીકમ	૩૭ ખાના ડુગર
૬ અમરા કુબેર	૨૨ જીવા દુધા	૩૮ નાગર સુંદર
૭ રામા આબા	૨૩ ખુશાલ ગણેશ	૩૯ ભાણા આંબા
૮ ભુદર કુબેર	૨૪ પુજા ગણેશ	૪૦ ખુશાલ પીતાબર
૯ નાથા ગોવિંદ	૨૫ ખુશાલ ઉકા	૪૧ ગગારામ પીતાંબર
૧૦ નારણ જેઠા	૨૬ કચરા ઉકા	૪૨ સુંદર જીવા
૧૧ પાંચા ઇચ્છા	૨૭ રણછોડ વરૂ	૪૩ આશા જીવા
૧૨ ગાગા કુબેર	૨૮ કરશન શભુ	૪૪ ભુદર વસ્તા
૧૩ દેવા ચીકા	૨૯ લવજી શંભુ	૪૫ બેચર ભુદર
૧૪ ડોસા મોરાર	૩૦ ધુરા ઇચ્છા	૪૬ ગાગા ભુદર
૧૫ જીવા નથુ	૩૧ ૫તા સામા	૪૭ નાથા જીવા
૧૬ પીતાંબર તીકમ	૩૨ સામા દેવા	૪૮ રણછોડ હરી
		૪૯ હરખા મોતી

ગામ આસપર ઘર નંગ. ૨૮.

૧ ટીસા તેજા	૧૦ સવા સુંદર	૧૯ આશા સુંદર.
૨ જેઠા નરસિંહ	૧૧ કચરા જેઠા	૨૦ અમથા પરમા.
૩ ડોસા નારણ	૧૨ છગન સુદર	૨૧ ખાના છગન
૪ તેજા ત્રીકમ	૧૩ વીરા પીતાબર	૨૨ જેઠા કાળા
૫ મુળા માધા	૧૪ આબા સામા	૨૩ તેજા પુંજા
૬ ટીસા ત્રીકમ	૧૫ તેજા સામા	૨૪ ટીસા પુંજા
૭ પુંજા હીરા	૧૬ સોમા રામા	૨૫ મુળા પુંજા
૮ ગોવા તેજા	૧૭ નરસીંહ નાના	૨૬ સામા પુંજા
૯ હીરા મુળા	૧૮ ચીકા મીઠા	૨૭ ખાના જીવા
		૨૮ માના રામા

ગામ હરીયાપુર ઘર નંગ ૧૮.

૧ પોપટ રામા	૭ ઉકા ગણેશ	૧૩ ત્રીકમ કલ્યાણ
૨ સામા વીક્રરામ	૮ કાળા અમરા	૧૪ મગા બેચર.
૩ બળવંત જેઠા	૯ ધુળા આશા	૧૫ રણછોડ બેચર
૪ કરમન વીરા	૧૦ સવા ગોવિંદ	૧૬ ડાહ્યા મકન
૫ દાના પરમા	૧૧ નરસિંહ સવા	૧૭ દુધા દેવા
૬ શંકર મુળા	૧૨ બહુ ટીસા	૧૮ નારાયણ અમથા

ગામ કુટીમસીદના ઘર નંગ ૩

૧ ગબડ ચકુ	૨ ગોવા કાળા	૩ રૂપા ભગા

ઉપર પ્રમાણે આપણી નાતના વહીવટદારો ૭ છે અને ૫ ચના મુખ્ય માણસો અઠ્ઠાવન છે તથા આપણી નાતના ઘર નંગ ચારસોને એકસઠ ઉપરની ગણત્રી પ્રમાણે થયા છે.